

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*યૂંટાયા પછી નેતાઓના હાવભાવ બદલે છે,*
*સત્તા મળ્યા પછી એમના મનોબળ બદલે છે,*
*બદલાય છે સમભાવ સાથીઓ પ્રત્યે જૂથોમાં*
*ડિઝલ-પેટ્રોલની જેમ રોજ 'ભાવ' બદલે છે.*

હાઈકુ

*આવે આગાહી,*
*જીએસ્ટી સુનામીની*
*પ્રજામાં ચિંતા...*

*દેખાય શાંતિ*
*તોફાન પહેલાંની -*
*પક્ષ - જૂથોમાં...*

### ચિંતન

*બૃહદ્ વયો હિ ભાનવેડ઼્યો દેવાયાગ્નયે ।*
*યં મિત્રં ન પ્રશસ્તયે મર્તાસો દધિરે પુરઃ ॥*

**ઉપરોક્ત શ્લોક સામવેદના આગ્નેયકાંડમાંથી લેવાયેલ છે.**

**સંસારમાં જન્મ-મરણના ફેરા-ચક્કરમાં પડેલા મનુષ્યોની પ્રશસ્તિ-કલ્યાણ ભાવનાનો નિતાંત સહારો મિત્રની સમાન પરમાત્મા જ છે. તે શોક, દુઃખ, તાપથી ઉપર ઉઠાવી રાખે છે, તેથી પ્રસિદ્ધ પ્રકાશમાન પરમાત્માને માટે પોતાના જીવન કાળનો અધિકાધિક ભાગ તેની અર્ચનામાં અર્પિત કરવો જોઈએ; કારણ કે બાળપણમાં તેનું ધ્યાન સંભવ નથી, વૃદ્ધાવસ્થામાં અશક્તિ અને રોગોનાં કારણે અલ્પસંભવ છે અધિક નહિ, તેથી માત્ર યૌવનકાળ - જુવાનીમાં જ તેની આરાધના ના અભ્યાસી બનવું જોઈએ. જેથી વૃદ્ધાવસ્થામાં પણ તે અભ્યાસ સાથ આપશે.**

**એટલે જ કહ્યું છે આજ, આજ ભાઈ અત્યારે જ, કલ કરે તો આજ આજ કરે તો સો અભી -**

### સુવિચાર

- સાચો શૂરો રે જેના ઘાવ વૈરી વખાણે - **બ્રહ્માનંદ**
- પોતાનાથી સાવ જુદા માણસોની સાથે સુમેળથી રહેવાની કળાને સંસ્કૃતિ કહ છે - **સંત રોબિન**
- કંઈ એવું કર ખુદા કે તને થોડા જણ મળે, હું પણ કહું બધાને કે પરવર દિગાર છે!! - **સૈફ પાલનપુરી**
- માણસમાં જો વિદ્યાપ્રેમ નહીં હોય તો એનામાં છ દોષો આવશે, અજ્ઞાન, તરંગી વિચારો, ઊંધુ ચત્તું કરવાની વૃત્તિ, ચીલાચાલુ પણું, ઉછાંછળાપણું અને અહંકાર - **જનકલ્યાણ**
- સમૃદ્ધિમાં પશ્ચાતાપ નિરાંતે ઊંઘે છે, વિપત્તિમાં એ જાગે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીતનું અઘરામાં અઘરું પાસું છે એ છે કે તમારે જીતવા જ રહેવું પડે છે - **ઈરવિન બર્લિન**
- આજનું ઔષધ : એલચી અને તુલસીના પાન વાટીને ખાવાથી ઊલટી મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

માદામ ક્યુરીએ પીચબ્લેંડ ધાતુમાંથી શુદ્ધિકરણ કરી રેડિયમ તારવવાની શોધ કરી. એમના પતિને એવું લાગતું હતું કે જો ક્યુરી આ શોધની પેટંટ કરાવી લે તો પૈસાનો ઢગલો થાય અને શ્રીમંતાઈ આવશે. કરોડપતિ થઈ શકાય. ક્યુરીએ એમના પતિને ખૂબ પ્રેમથી સમજાવતા કહ્યું, 'વૈજ્ઞાનિક' ભાવના અનુસાર એ વિપરિત છે, આપણાથી એવું ન થાય... ભૌતિક શાસ્ત્રીઓ પોતાના સંશોધનો હંમેશા પૂરેપૂરા સમાજ માટે કરે છે, આ શોધમાં વ્યાપારી લાભ હોય તો એ એક અકસ્માત છે, અને આપણે એનો લાભ ઉઠાવવો ન જોઈએ, આખા વિશ્વમાં રેડિયમ રોગોની સારવારમાં ઉપયોગ થવાનું છે. આ શુદ્ધિકરણની પદ્ધતિ પણ સાર્વજનિક કરી દેવાની છે.'

આજે હૃદયરોગ, નશોના બ્લોક, સ્ટંટના ભાવ અને રોગોના નિષ્ણાતો દર્દી જીવન સાથે જે ખેલ કરે છે એના સંદર્ભમાં આ 'સત્ય' સમજવા જેવું છે.

# કોંગ્રેસ માટે શુકનિયાળ સંકેત

**તંત્રીસ્થાનેથી...**

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ખરા દિલથી દેસ આખામાં દોડધામ કરી રહ્યા છે. હવે તો એમણે પોતાની રાહુલ બાબા વાળી પ્રસ્થાપિત છાપ પણ મહદંશે ભૂંસી નાખી છે એન એક ગંભીર પ્રકૃતિના રાષ્ટ્રીય નેતા તરીકે ઊપસી રહ્યા છે. રાખમાંથી પુનર્જીવિત થવાની ફિનિક્સ પંખી જેવી જિજીવિષા જ કોંગ્રેસને ફરી વાર લાઈમ લાઈટમાં લાવી શકશે એવી સમજણ સાથે રાહુલ ગાંધી મેદાને પડ્યા છે.દાખલા તરીકે હમણાં જ પાર્ટીના પૂર્વ સાંસદ અને દિલ્હીનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષીતના સુપુત્ર સંદીપ દીક્ષિતે સેનાધ્યક્ષ વિશે કરેલ અણછાજતી ટિપ્પણી સંદર્ભે એમણે જે સ્પષ્ટ અને કડક વલણ અપનાવ્યું તે બાબત; કે પછી બેંગલુરુ ખાતે નેશનલ હેરાલ્ડના લોકાર્પણ પ્રસંગે કર્ણાટકના ભાજપી રાજયપાલ વજુભાઈ વાળા અને ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારીની ઉપસ્થિતિમાં કેન્દ્રની મોદી સરકાર દ્વારા પત્રકારો અને મીડિયા જગત પર લદાઈ રહેલા નિયંત્રણો વિશે કરેલી કડક ટીકા. રાહુલ ગાંધી હવે ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ આરપારની લડાઈ લડી લેવા કૃતસંકલ્પ છે. મધ્યપ્રદેશના પીડિત ખેડૂત પરિવારની મુલાકાત લેવાના દૃઢ સંકલ્પ સાથે એમણે નીમચના પોલીસ અધિકારીઓ સાથે ભિડાઈ જવાનું પસંદ કર્યું હતું. આ તમામ બાબતો શું એમનાં પ્રગટેલી પરિપકવતાની સૂચક નથી? કોંગ્રેસના કાશ્મીરના નકશાવાળા છબરડામાં પણ રાહુલ ગાંધીએ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ક્ષમાયાચના કરી લઈ ડેમેસ કંટ્રોલ કરવા પ્રયાસ કર્યો હતો. આપણા ગુજરાતની જ વાત કરોને! અહીં પ્રદેશ કોંગ્રેસમાં ચાલી રહેલા જૂથવાદ વિરુદ્ધ રાહુલ ગાંધીએ અપનાવેલું વલણ હાઈકમાંડના વર્ચસ્વનું પ્રતિપાદન કરનારું છે. શંકરસિંહ વાઘેલા જેવા સિનિયર નેતાની માગણી ઠુકરાવવી તે કોઈ સહેલો નિર્ણય નહોતો. વળી વર્ષોથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી તરીકે કાર્યરત ગુરુદાસ કામત જેવા નેતાને હટાવી એ જવાબદારી રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગહલોતને સોંપવાનો નિર્ણય પણ રાજકીય પરિપક્વતા સૂચવે છે. બનવાજોગ કે આ બધી બાબતોમાં એમણે કથળેલી તબિયતને કારણે મહદંશે નિષ્ક્રિય રહેતાં કોંગ્રેસનાં રાષ્ટ્રીય અધ્યક્ષા કે એમના રાજકીય સચિવ વરિષ્ઠ રાજકીય નેતા અહમદ પટેલનું માર્ગદર્શન મળતું હોય. જો કે રાહુલ ગાંધીએ એમના વિશ્વાસુ યુવા અગ્રણીઓની ટીમ પર જ વિશેષ મદાર રાખવાનું વલણ દાખવ્યું છે પરંતુ ગુજરાત જેવા કેસમાં જૂના અને અનુભવી નેતા અશોક ગહલોતને પ્રભારી તરીકેની જવાબદારી સોંપીને એક પરિપકવ નેતાને છાજે એવો દાખલો બેસાડ્યો છે. અશોક ગહલોતે યુદ્ધના ધારણે પાર્ટીને નિષ્ક્રિયતામાંથી બહાર આણવાનો પુરુષાર્થ આરંભ્યો છે. તેઓ આગામી રાજયસભાની ચૂંટણીમાં પાર્ટીના નિવૃત્ત થઈ રહેલ વરિષ્ઠ નેતાને ફરી વાર ચૂંટાવામાં મુશ્કેલી ન પડે એવી વ્યૂહરચના ગોઠવી રહ્યા છે તો વળી છેક બૂથ સુધીના ચૂંટણી મેનેજમેન્ટ માટે ખરી ગરીમાં જિલ્લાઓનો પ્રવાસ કરી રહ્યા છે. રાહુલ ગાંધી જાણે છે કે ઉત્તરપ્રદેશમાં ધોબીપછાડ ખાધા પછી હવે ગુજરાતની ચૂંટણીનો સામનો કરવાનો છે, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હોમલેન્ડ છે; જેના પ્રદેશ સંગઠનમાં જબરદસ્ત જૂથબંધીનો સડો વ્યાપેલો છે. અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા એમની માગણીઓનો ધરાર છેડ ઉડી ગયા પછી કેવું વલણ લેશે એ વિશે કશી જ ખાતરી નથી. આવા કપરા સંજોગોમાં કોંગ્રેસે લાકડાની તલવારે લડવાનું છે. છતાં 'કોંગ્રેસ આવે છે' નાં સૂત્રો ગાજતાં કરી હતાશ કાર્યકરોમાં રાજસ્થાની કેસરિયાં કરવાની તાકાત પ્રગટે એમ માટે એની વરિષ્ઠ નેતાગીરી રાતદિવસ એક કરી રહી છે એની પાછળ નહેરુ-ઈંદિરા અને રાજીવ-સોનિયાની સંકલ્પશક્તિનાં જિન્સ ધરાવતા રાહુલ ગાંધીની 'વિજિગીષુ વૃત્તિ' - જંગ જીતવાની મહેચ્છા પડેલી છે.

# સ્ત્રીવિહીન ધરાનું ડરામણું સ્વપ્ન



નવાં કલેવર
નટવર હેડાઉ

ચારે તરફ પુરુષો જ પુરુષો, ઓફિસોમાં બજારોમાં, ગલી મહોલ્લામાં બધે ફક્ત, પુરુષ. કયાંક કોઈ રૂપાની ઘંટડી જેવું કર્ણ મધુર ખિલખિલાટ હાસ્ય કે સ્મિત નહીં... કોઈ બીજા સાથે વાત પણ કરતું નથી. ચૂપચાપ મશીનની જેમ કામ કરતા પુરુષ, કયાંક કોઈ સ્ત્રી નજરે પડતી નથી. લિપસ્ટીક, મહેંદી અને સેંથીના સિંદુરના રંગ વિના બધું જ રંગવગરનું અને તેજ વગરનું, કયાંક કોઈ ખિલખિલાટ સંભળાતો નથી.

બધી ઋતુઓ ફિક્કી એન બધા વારતહેરાર રોનગ વગરનાં... દિવાળીમાં કયાંય દિપકની રૌશની નથી, હોળી ધૂળેટી ગુલાબ વિના ઉદાસી અને રંગહીન, રક્ષાબંધનમાં બધા પુરુષ અડવા હાથ લઈને ફરી રહ્યા છે. ચારે તરફ એક મૌન અને અમંગળ ઉદાસી તેમજ ખિન્નતા પ્રસરી ગઈ છે.

'બા, ઉઠો આપણે જવાનું છે ને ? ડૉકટરે નવ વાગ્યાનો સમય આપ્યો છે.' દીકરીએ જગાડતાં શાંતાભા ઉતાવળે રઘવાટમાં બેઠાં થયાં.

'ઓહ! કેવું વિચિત્ર અને ડરામણું' સપનું હતું. સારું થયું કે એ સપનું જ હતું.'

વહુ ચ્હા લઈ આવી. તેનો ઉતરેલ ચહેરો અને સુઝેલ આંખો કહેતી હતી કે તે આખી રાત સુઈ શકી નહી હોય અને રડતી રહી હશે. શાંતાબા તેની સામે નજર મેળવી શક્યાં નહીં.

ગયા અઠવાડિયાની જ વાત છે. જયારે વહુએ કહેવું કે તે બીજીવારમાં બનવાની છે.

'દિકરી એક તો છે જ, હવે તો દીકરો જ થવો જોઈએ. બહેનને ભાઈ તો જોઈએ ને. પોતે જાતે આવા તર્કો કરતાં શાંતાળા છે ઘરમાં પોતાની મરજી શું છે તે જણાવી જ દીધું હતું અને વહુને કહી દીધેલું કે ગર્ભનું લિંગ પરિક્ષણ કરાવી લો, જો ગર્ભમાં છોકરી હોય તો જરાય લાગણીમાં તણાયા વિના ગર્ભપાત કરાવી નાંખજો.'

'પણ બા'

'પણ ને બણ કંઈ નહીં,' કહી દીધું ને કે હવે બીજું બાળક દીકરો જ જોઈએ. આપણે બાળકોની ફોજ ઊભી કરવી નથી કે આ વખતે નહીં તો આવતે વખતે દીકરો આવશે.' એમ કહીને શાંતાબાએ વહુને ચૂપ કરી દીધી.

ડૉકટરે ગર્ભ તપાસી માટે આજે સવારનો સમય આપ્યો હતો. વહુને જોઈને આમ લાગતું હતું કે જાણે બકરાને બલિ માટે લઈ જવામાં આવી રહ્યો હોય. તે દરમિયાન પૌત્રી દોડતી આવી અને ખોળામાં બેસી ગઈ. 'દાદીમા, દાદીમા, તમે કયાંક જાવ છો?'

'ના બેટા, અને કયાંક જતા નથી.' કહેતાં શાંતીબા એ પ્રેમથી તેના ગાલે ચૂમી ભરી લીધી.

સ્ત્રીવિહીન ધરાનું સપનું આટલું ડરામણું હતું તો હકીકત કેવી ભયંકર હોઈ શકે ? સ્ત્રીઓને કારણે જ ધરતી પર બધા રંગ અને રૌનક છે. ના... ના... હું ધરતીને સ્ત્રીવિહીન નહીં થવા દઉં.

વહુએ આશ્ચર્યથી તેના સાસુ શાંતાબા તરફ જોયું. પણ તે પૌત્રીની આંખોમાં રંગબેરંગી સપનાં જોતાં હતાં.

# સંબંધના સરવાળામાં સ્વીકાર અને સમાધાન



ગુલમહોર
દિનેશ દેસાઈ

હિન્દી સાહિત્યના શીર્ષસ્થ સાહિત્યકાર, નાટ્યકાર, નિબંધકાર, ઉપન્યાસકાર, ચિંતક-વિચારક રામવૃક્ષ બેનીપુરી (૧૮૯૯-૧૯૬૮)એ લખ્યું છે કે "દરેક સંબંધનું એક મહત્વ હોય છે. દરેક સંબંધની પોતાની શક્તિ અને સામર્થ્ય પણ હોય છે. આમ દરેક સંબંધની એક એક્સપાઈરી ડેટ પણ હોય છે, જેમ દરેક જીવનરક્ષક દવાના પેક ઉપર વપરાશ કરવા માટેની અંતિમ તિથિ લખેલી હોય છે."

દરેક સંબંધને એક નામ હોય છે પરંતુ ક્યારેક કોઈક સંબંધને નામ નથી હોતું. નામ વિનાના સંબંધ ક્યારેક નામવાળા સંબંધ કરતા વધુ ચઢિયાતા અને દમદાર પણ હોઈ શકે. આદિકવિ નરસિંહ મહેતા કહે છે એમ, નામરુપ જૂજવા, અંતે તો હેમનું હેમ. સંબંધ સોનાનો, સુવર્ણમયી એટલે કે મૂલ્યવાન બનાવવો આપણા હાથની વાત છે.

સંબંધના સરવાળામાં સ્વીકાર અને સમાધાન અગત્યનું પરિબળ છે. જ્યારે લાગણીના સંબંધની વાત આવે ત્યારે આપણે કોઈ વ્યક્તિને પસંદ કરીએ છે, તો એના સમગ્ર અસ્તિત્વ અને સમગ્ર વ્યક્તિત્વનો પણ સ્વીકાર આપોઆપ કરી જ લઈએ છીએ. આપણે ક્યારેય કોઈ વ્યક્તિને અડધા કે આંશિક પસંદ ન કરી શકીએ. ગમાડીએ તો એને પૂરેપૂરા જ ગમાડીએ અથવા કોઈ આપણને પૂરેપૂરા ન પણ ગમે. ફિફ્ટી-ફિફ્ટીવાળા ટકા કે ભાગલા વ્યક્તિત્વમાં કે સંબંધમાં ન જ હોય.

મહત્વની વાત એ છે કે સંબંધના લાઈફ ટાઈમ ફૂલ રિચાર્જ માટે સ્વીકાર અને સમાધાન ખુબ જરુરી છે. સ્વીકારનો અર્થ વ્યક્તિનો તેના તમામ વ્યક્તિગત ગુણ-અવગુણ સાથે સ્વીકાર. સમગ્ર વ્યક્તિત્વનો સ્વીકાર. સંબંધ અધુરો કે અડધોપડધો ના ચાલે. કોઈ વ્યક્તિ પણ અડધોપડધો ગમે

> કોઈ વ્યક્તિ આપણને પસંદ કરતી હોય, આપણો સાથ ઝંખતી હોય ત્યારે આપણે શક્ય હોય તો તેની સાથે તાલમેલ જાળવી લેવો જોઈએ. વળી જ્યારે તમે કોઈ વ્યક્તિને પસંદ કરતા હો અને તેનો સાથ ઈચ્છતા હો ત્યારે તમારે પણ એની સાથે સમાધાન સાધી લેવું જોઈએ.

એવું નહીં. યા તો પૂરેપૂરો ગમે અથવા આખેઆખો ના પણ ગમે. કોઈને પરાણે ગમાડવાના બદલે એનો ધિક્કાર કરવો, યા અનાદર કરવો યા એ તરફ ધ્યાન ન આપવું બહેતર છે. કશુંય અડધુંપડધું ન ચાલે. સ્વીકાર પણ છલોછલ અથવા અસ્વીકાર પણ છલોછલ જોઈએ.

સંબંધમાં એક વાર સ્વીકાર પછી સમાધાનનો તબક્કો પણ આવે. જ્યારે તમે કોઈ વ્યક્તિને પસંદ કરો છો ત્યારે એને સંપૂર્ણ – ટોટલ જ પસંદ કરો છો. એમાં સામી વ્યક્તિના ગુણવિશેષ પણ આવી જાય અને તેના કોઈ અવગુણ હોય તો એ અવગુણ સહિત સમગ્ર વ્યક્તિને અને તેના પૂરા વ્યક્તિત્વનો સ્વીકાર કરવામાં આવ્યો હોય છે. હવે સ્વીકાર કર્યો હોય ત્યારે એકમેકના ગમા-અણગમા, પસંદ-નાપસંદ, ટેવ-કુટેવ વગેરે તમામ સારી-નરસી બાબતોનો પણ સ્વીકાર કરવો જ રહ્યો.

જ્યારે કોઈ વ્યક્તિ આપણને પસંદ કરતી હોય, આપણો સાથ ઝંખતી હોય ત્યારે આપણે શક્ય હોય તો તેની સાથે તાલમેલ જાળવી લેવો જોઈએ. વળી જ્યારે તમે કોઈ વ્યક્તિને પસંદ કરતા હો અને તેનો સાથ ઈચ્છતા હો ત્યારે તમારે પણ એની સાથે સમાધાન સાધી લેવું જોઈએ. અણગમતી બાબતોને કોરાણે મૂકીને ચલાવી લેવું એ સંબંધ સાચવવાનો શ્રેષ્ઠ વિકલ્પ છે.

લેખક રામવૃક્ષ બેનીપુરીએ લખ્યું છે એમ દરેક સંબંધનું જેમ એક મહત્વ હોય છે, એમ દરેક સંબંધની પણ એક એક્સપાઈરી ડેટ પણ હોય છે. સંબંધ છોડ જેવો છે. એને પાંગરવા દેવા માટે એની માવજત કરવી પડે. એનું સાચવીને સિંચન કરવું પડે, તો જ સંબંધ આગળ જતા વટવૃક્ષ પણ બની શકે. અન્યથા છોડની પૂરી માવજત નહીં કરી હોય તો એ અકાળે કરમાઈ જશે.

સ્ટોપર :

"તેરે ઉતારે હુએ દિન પહન કે અબ ભી મેં,
તેરી મહેંક મેં કઈ રોજ કાટ દેતા હું."

- ગુલઝાર

# લીલી બંગડીનો રણકાર..!! ગોરી હૈ કલાઈયાં, તુ લાદે મુજે હરી હરી ચુડિયાં..!!





Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

રાધા રોટલા બનાવતી હતી એટલે આ તરફ એની પીઠ હતી. પાછળથી મોહન આવીને ઊભો રહયો. એ ખૂબ ઝડપથી રોટલા ટીપી રહી છે એવો ખયાલ કોણી આગળથી વળેલા એના હાથ ને કારણે તેમ જ ખભા અને પીઠ જોરજોર થી હલી રહ્યા હતા એ પરથી આવતો હતો. એની બંગડીના અવાજની સાથે રોટલાંના ટપ-ટપ નો અવાજ આવતો હતો.

રાધાનું ધ્યાન અચાનક પાછળ જતાં પાછળ જતાં મોહનને ગોધૂલિ વેળા એ કાં ...? મોહન રાધાની સામે જોઈ રહયો હતો. પાછળથી ઓઢણું નીચે પડી જતાં રાધાની પીઠ એકદમ ગોરી-ગોરી વંળાક વાળી દેખાતી હતી અચાનક એનું ધ્યાન જતાં જલ્દી લોટવાળા હાથે માથે ઓઢી લીધુંપ

બાજુવાળી રતન (રતૂડી) કહેવા આવી હતી કે આજે મંદિર બહારથી ભજનિક આવ્યા છે તો ભજન સાંભળવા જવાનું છે. મોહનને કહી જલ્દીજલ્દી રોટલા ઘડી લીધા. મોહન માને જમવાનું દઈ આવ્યો પછી પોતે ચૂપચાપ જમવા બેસી ગયો પછી રોજની જેમ બા ના ખાટલે બેસી અલકમલકની વાતો કરવા લાગ્યો. રાધા જેમ-તેમ જલ્દી જમી પછી ઢાંકો-ઢુબો પતાવ્યો. રાધાએ આંગણામાંથી સાદ પાડ્યો તો એણે કહ્યું કે, "વાળું પતાવીને આવું છુ."

મંદિરમાં ઘણી બધી સ્ત્રીઓ આવી ગઈ હતી. બહુ આગળ નહી બહુ પાછળ નહી પણ વચમાં જગ્યા મળી ગઈ. સરસ પાટ પર બે-ત્રણ ભજનિકો બેઠા હતા એકદમ મીઠાં અવાજે ભજનિકે ગાયું... "ઓ મારા વ્હાલા કાનજીપ" રાધા કાનજી નામ સાંભળતા ભૂતકાળમાં સરી ગઈ... એની આંખથી આંસુ જાણે હમણાં ટપ-ટપ વહેવા માંડશે... ત્યારે એની ઉમર માંડ સત્તર ની હશે! પોતાના આંગણામાં રોજ સવારે રાધા કપડાં ધુએ કે ઠામ ઉટકે એ જ સમયે બાજુમાં કાનજી એના મોટા બાપાના ઘરે ચાવી લેવા આવે ત્યારે દોરી પર કપડાં સુકવતા-સુકવતા તે કાનજીને જોયા કરે કાનજી પણ વળે ત્યારે રાધાની સામે હસે, આવુ તો કેટલોય સમય ચાલ્યું..!

એકવાર મા જોઈ ગઈ જાણે મારી ચોરી પકડાઈ ગઈ એમ રાધા માની સામે ન જોઈ શકી. તે દિ મે રાતે માને બાપુ જોડે વાત કરતાં સાંભળયા કે સામેવાળા અમરત ભાઈનો ભત્રીજો કાનજી આપણી રાધા માટે યોગ્ય છે. છોરી હવે સગાઈ જેવડી થઈ ગઈ છે બાપુ માની વાત સાંભળી કેવા લાગ્યા મારી નજર માં આ છોકરો હતો પણ રાધા આટલી રૂપાળીને કાનજી થોડો શ્યામ ? પણ તમે કહો છો તો અમરતભાઈના કાને વાત નાખું છોરી સુખી થશે હો. રાધા તો વાત સાંભળીને ખુશીથી નાચવા લાગી... પછી ના ત્રીજે દિ અમરતભાઈએ જવાબ આપ્યો કે આઠમના સગપણ ની ચૂંદડી ઓઢાડવા આવશુ.

> કોઈ કરની રાજરાણી થાય લીલી બંગડી.
> સ્પર્શ પ્રીતમનો પિછાણી જાય લીલી બંગડી.
> થાય ઘેલી જેમ રાધા વાંસળીના સૂરથી,
> એમ કાન્હાની જ વાણી ગાય લીલી બંગડી.
> - શીતલ ગઢવી 'શગ'

છોરીને ચૂંદડી ઓઢાડવા આવશે એ સાંભળીને કોને બોલાવવા, શું બનાવવું, શું લેવું એની વેંત માં લાગી ગયા. રાધાને ગામની રુપા અને મેઘાએ સુંદર મહેંદી રંગી દીધી. આજે તો લીલા ચણિયાચોળીમાં રાધા ખૂબ સુંદર લાગતી તી. એક જ અફસોસ એને લીલી બંગડી આખા ગામમાં ન મળી એટલે બીજા રંગની પહેરવી પડી. દસ-બાર દિ પછી રાધા બાપુને ભાણું દેવા ખેતરે જતી હતી ત્યાં રસ્તા માં કાનજી મળ્યો રાધા શરમની મારી ગુલાબી ગુલાબી થઈ ગઈ. કાનજી બોલ્યો, "બાજુના ગામમાં મેળામાં જવાનો છું બોલ, તારા સારું શું લઈ આવું?" રાધા કહે, "લીલી બંગડી". કાનજી એના હાથને જોઈ રહ્યો અને કહ્યું, "બે ડઝન લીલી બંગડી તારા હાથમાં રણકશે તેદિ તારો હાથ પકડીશ."

આજે રાધા વહેલી ઉઠી માને કામ કરાવવા લાગી. હમણાં કાનજી મોટા બાપાને ઘેર આવશે. કાલે મેળામાં થી મારા સારું લીલી બંગડી લઈ આવ્યો હશે. રાધા એના હાથ જોવા લાગી. મા અંદર ગઈ રાધા કપડાં સુકવતી'તી ત્યાં તો માએ રાડ પાડી રાધા કાંઈ બોલે પહેલાં ચકરડી-ભમરડી ફરવા લાગી. આખું ઘર ગોળ-ગોળ ફરવા લાગ્યું. ધૂળના ગોટેગોટા ચારેકોર ઉડવા લાગ્યા. ને કાંઈ સમજ પડે એના પહેલાં મા બોલી છોરી, આ ધરતીકંપ છે ..! ધરતીકંપ ..!

પછી રાધાએ જોયુ તો શેરીમાં બધા મકાનના જાણે ઢગલાં થઈ ગયા એને હાથમાં લાગ્યું હતું. આખું ઘર ફરવા લાગ્યું ત્યારે ... તેણે સામેની શેરીમાંથી કાનજીને આવતા જોયો તો ત્યાં તો અત્યારે ધૂળના ઢગલાને કાટમાળ પડ્યા'તા તો શું કાનજી ? ના... ના... એમ કરતાં બેભાન થઈ ગઈ.

હું ભાનમાં આવી ત્યારે ગામની બહાર દવાખાનાની બાજુની શાળાના આંગણામાં હું અને મારી મા. બાપુ પછી આવ્યા પણ હવેએ અહિયા ન હતા ખાલી નિર્જીવ શરીર જ. જીવ તો એમનો ક્યારેય ઊડી ગયો હશે કોણ જાણે? જ્યારે શાળાના પાછળના આંગણામાં કાનજીની લાશ આવી ત્યારે એના હાથની મૂઠીમાં બેડઝન લીલી બંગડીઓ હતી. રાધા એને જોઈને જોરદાર આક્રંદ કરવા લાગી, "ભગવાન મને કાં ન લઈ લીધી."

બધાં તાળીઓ પાડવા લાગ્યા રતૂડી કહે રાધા સાંભળ તો ખરી કેવુ સરસ ગાય છે. પણ હું ક્યાં અહી હતી..! ત્યાં તો છેલ્લે પણ બીજી વાર ગાયું, "ઓ મારા વ્હાલા કાનજી...." રતૂડી ભેળી ચૂપચાપ ઘરે આવી. મોહન ઓરડામાં ઝીણી બતી ચાલુ રાખીને સૂઈ ગયો હતો. આજે હું મોહનને ધારી-ધારીને નીરખવા લાગી એને જોઈને મને થયું કે એને પણ એની રૂકમણીની યાદ આવતી હશે!

પછીની પ્રભાતે રાધાના હાથમા લીલી બંગડીઓ રણકતી તી. આજે સૂરજ સોનાનો ઊગ્યો છે બા બોલ્યા.

●●●

ભુજમાં આવેલા ભૂકંપના આંચકા જેવી જ આ લવ સ્ટોરી પૂર્વી બાબરિયાએ લખી છે. ગુજરાતી સાહિત્યના પ્રચાર માટે નવોદિત લેખકોને પ્રોત્સાહન આપવામાં ગાંધીનગર સમાચાર હંમેશા અગ્રેસર રહ્યું છે. અને એના ભાગ રૂપે આ ઓનલાઈન પ્રસિધ્ધિ પામેલી વાર્તાને સ્થાન આપ્યું છે.

ભુજમાં રહેતાં પૂર્વી ભરત બાબરિયા એક ગૃહિણી છે. એમને લખવા તથા વાંચવાનો ખૂબ શોખ છે. પ્રતિલિપિમાંઆર્ટિકલ તથા માતૃભારતી પર ચાર ઈ -બુક પબ્લીશ થયેલી છે. ત્રણ સામાજીક સંસ્થાઓ સાથે જોડાયેલાં ત્યારે પ્રેસનોટ નું કામ સંભાળતાં અને ત્યારથી એમણે લખવાની શરૂઆત કરી.. હાલમાં તેઓ સરસ માઈક્રોફિકશન વાર્તા લખે છે. એમની સરળ ભાષામાં લખાયેલી વાર્તા વધુ વંચાય છે. લય પ્રલય સંસ્થા દ્વારા આણંદ મુકામે નવોદિત લેખિકા તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતાં.

***ચૂંટલો :*** અમુક ઘટનાઓ જિંદગીના બધાં સમીકરણ બગાડી નાંખે છે. ઘટનાની છાપ હદય પર એટલી ઉંડી પડે છે કે ભલભલા ઈરેઝર એ ભુંસવામાં નિષ્ફળ રહે છે. સત્યને જો સમયસર સ્વિકારી લેવામાં આવે તો સમય અને સમજદારી શ્રેષ્ઠ મલમ સાબિત થાય!